ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત

ત્રિપુરામાં ૧૪ ફેબ્રુઆરી : મેઘાલય, નાગાલેન્ડમાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાશે

નવી દિલ્હી, તા.૧૧

ચૂંટણી પંચે આજે ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટેની તારીખોની જાહેરાત કરી હતી. ચૂંટણી તારીખોની જાહેરાત કરવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં તેજી આવી ગઈ છે. મુખ્ય ચુંટણી કમિશ્નર વીએસ સંપતે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી. ત્રિપુરામાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાશે. જ્યારે મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાશે. મતગણતરીની પ્રક્રિયા ત્રણેય રાજ્યોમાં એક સાથે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ ત્રિપુરામાં જાહેરનામુ ૨૧મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવશે જ્યારે ઉમેદવારી પત્ર દાખલ કરવા માટેની છેલ્લી તારીખ ૨૮મી જાન્યુઆરી રાખવામાં આવી છે. ચકાસણીની પ્રક્રિયા ૨૯મી જાન્યુઆરીના દિવસે હાથ ધરવામાં આવનાર છે. બીજીબાજુ મેઘાલય અને નાગાલેન્ડ માટે ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાશે. બંને રાજ્યોમાં જાહેરનામુ ૩૦મી જાન્યુઆરીના દિવસે જાહેર કરવામાં આવશે. ઉમેદવારી પત્ર દાખલ કરવાની છેલ્લી તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી રાખવામાં આવેલ છે.

આસામ, બિહાર અને મહારાષ્ટ્રમાં ખાલી પડેલી બેઠકો માટે પેટા ચૂંટણી ૨૪મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરામાં વિધાનસભાની અવધિ પૂરી થવા જઈ રહી છે. મેઘાલયમાં ૧૦મી માર્ચના દિવસે

વિધાનસભાની અવધિ પૂરી થશે જ્યારે નાગાલેન્ડમાં ૧૮મી માર્ચના દિવસે અને ત્રિપુરામાં ૧૬મી માર્ચના દિવસે વિધાનસભાની અવધિ પૂરી થશે. મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરામાં વિધાનસભા મતવિસ્તારની કુલ સંખ્યા પર નજર કરવામાં આવે તો મેઘાલયમાં વિધાનસભાની ૬૦, નાગાલેન્ડમાં ૬૦ અને ત્રિપુરામાં ૬૦ બેઠકો છે. ત્રિપુરામાં એસસી માટે ૧૦ બેઠકો રિઝર્વ રાખવામાં આવી છે. જે રાજ્યોમાં પેટા ચૂંટણી યોજાનાર છે તેમાં આસામ, બિહાર, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબનો સમાવેશ થાય છે. મેઘાલય અને નાગાલેન્ડમાં પ્રવર્તમાન વિધાનસભાની મતદાર યાદી સુધારવામાં આવી ચુકી છે. જે મુજબ મેઘાલયના ૧૪૮૧૪૭૩ મતદારો છે. જ્યારે નાગાલેન્ડમાં ૧૧૮૧૭૩૧ મતદારો છે. ચૂંટણી પંચ દ્વારા આજે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં ઉત્સુકતા વધી ગઈ છે. વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી સુધાર પ્રક્રિયા અગાઉ હાથ ધરવામાં આવી હતી. આગામી સામાન્ય અને પેટા ચૂંટણી દરમિયાન ઓટો ઓળખપત્રનો ઉપયોગ કરવામાં આવનાર છે. મતદાન વખતે મતદાન મથક પર મતદારોની ઓળખ કરવા માટે ઘણી શરતો અમલી બનાવવામાં આવી છે. તમામ લોકોને જરૂરી ઓળખપત્રો રાખવાની સૂચના આપવામાં આવી છે. તમામ ત્રણ રાજ્યો અને જ્યાં પેટા ચૂંટણી યોજાનાર છે તે તમામ મતવિસ્તારમાં ઈવીએમનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા પહેલાથી જ તમામ વ્યવસ્થા કરવામાં આવી ચૂકી છે. ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ પૂરતી સંખ્યામાં તમામ જગ્યાઓ પર સુરક્ષા જવાનો ગોઠવવામાં આવશે. લોકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે સાવચેતી રાખવામાં આવી છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થયા બાદ રાજકીય પક્ષો અને ખાસ કરીને કોંગ્રેસે તૈયારી હાથ ધરી છે.

સમાચાર ઝલક

- પાકિસ્તાને ભારત આવતી બસ રૂટ બંધ કર્યો.
- કડીમાં જીનીંગ તથા રૂનાં ધંધાર્થીને ત્યાં આવકવેરાના દરોડા.
- આણંદમાં છ નકલી પોલીસ લાલ લાઇટવાળી ગાડી સાથે ઝડપાયા.
- અમદાવાદમાં મહિલા સહકારી બેંકમાં કરોડોનું કૌભાંડ, કાળા નાણાં થાપણમાં ફેરવાતાં હતા.
- જાણીતા એડવોકેટ રામ જેઠમલાણીના ભાજપ પક્ષ દ્વારા સસ્પેંશન રદ થશે.
- ૨૦૧૨માં ઉત્પાદનનાં આંકમાં ૦.૧ પોઇન્ટ ઘટાડો નોંધાયો.
- દેશભરમાં સ્વ.લાલબહાદુર શાસ્ત્રીની ૪૭મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અર્પી.
- ઉદેપુરમાં મુસ્લિમ પંચાયતે યુવતીઓને મોબાઇલ ફોન ન વાપરવા રોક લગાવી.
- નકસાલીઓએ લશ્કરી જવાનોના મૃતદેહમાં પણ બોમ્બ ગોઠવ્યા હતા.
- કાશ્મીરમાં બરફવર્ષા જોવા પ્રવાસીઓની ભીડ.
- ઓસ્ટ્રેલિયામાં ગરમીથી ફેલાયેલી આગ હજુ હોલવાઇ નથી.
- રશિયામાં ૪૦ વર્ષ જૂનો જવાળામુખી ફરી પ્રગટયો છે.
- શાકભાજીમાં એક હપ્તામાં બે ગણા ભાવો વધ્યા.
- હૈદરાબાદમાં પોલીસ અને મીડિયા કર્મચારીઓ પર પથ્થરમારો.
- જામનગરના દરિયાકિનારે ૧૦ પાકિસ્તાની માછીમારો ઝડપાયા.
- પંજાબમાં બળાત્કાર કેસની ઝડપી નિકાલ, આરોપીને સજા ફટકારી.

દિલ્હીના માર્ગો પર મહિલાઓ બિલકુલ સુરક્ષિત નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના માર્ગો પર મહિલાઓ બિલકુલ સુરક્ષિત નથી તેમ જણાવીને સુપ્રીમ કોર્ટે આજે ફરી એકવાર પોલીસની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે મહિલાઓને સંપૂર્ણ ગૌરવ અને સ્વતંત્રતા સાથે બહાર નિકળવાની તક મળે તે પ્રકારનું વાતાવરણ ઉભુ કરવું જરૂરી છે. સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતુ કે સ્થિતિ સામાન્ય બનાવવા માટે હજુ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવે તે અતિ જરૂરી છે. કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય મહિલાપંચ, દિલ્હી સરકારના પરિવહન વિભાગને નોટિસ પણ આપવામાં આવી છે. કોર્ટે કહ્યુ છે કે પોલીસની ફરજ વધુ ગંભીરતાપૂર્વક જવાનો અદા કરે તે અતિ જરૂરી છે. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને દિપક મિશ્રાની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે દિલ્હીની નેશનલ લો યુનિવર્સિટીની ચોથા વર્ષની વિદ્યાર્થિની નીપૂન સક્સેના દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં જારી કર્યુ છે. સક્સેનાએ પોતાની અરજીમાં રજુઆત કરી હતી કે વળતર બોર્ડની રચના કરવામાં આવે તે પ્રકારનો આદેશ ખૂબ પહેલા આપવામાં આવ્યો હતો. આ આદેશને હજુ અમલી બનાવવામાં આવ્યો નથી. એવી અરજીના આધાર પર રાજ્યપરિવહન સત્તાને નોટિસ આપવામાં આવી છે કે ખાનગી બસોને પરવાનગી આપવામાં આવી છે તે બસ દ્વારા મોટર વ્હિકલ એક્ટના કઠોર અમલીકરણ તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી ડિસેમ્બરના દિવસે દિલ્હીમાં ચાલતી બસમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો આ બનાવ બાદ યુવતિનું મોત થયુ હતુ. આ ઘટનાકમથી દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ હતુ અને બળાત્કારના કેસોને ઝડપથી આગળ વધારવા અને કેસોનો નિકાલ લાવવા પોલીસ અને તંત્રો પર દબાણ વધ્યુ છે. કઠોર કાયદાની જરૂરિયાત પર પણ ધ્યાન અપાયુ છે.

૨.૧ કરોડ ટન ઘઉંનો જથ્થો દર વર્ષે બગડે છે : અહેવાલ

નવી દિલ્હી,તા. ૧૧

એક નવા વૈશ્વિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સારી સ્ટોરેજ સુવિધા નહીં હોવાના કારણે ભારતમાં દર વર્ષે બે કરોડ ટનથી વધુ ઘઉંનો જથ્થો નાશ પામે છે. આ જથ્થો ઓસ્ટ્રેલિયાના કુલ ઉત્પાદન જેટલો છે. અનાજ નાશ થવા અંગે ઈન્સ્ટીટ્યુશન ઓફ મેકેનીકલ એન્જીનીયર્સના વૈશ્વિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વભરમાં જેટલા પ્રમાણમાં અનાજનો જથ્થો ઉત્પન્ન થાય છે તે પૈકી આશરે અડધા પ્રમાણમાં અનાજનો જથ્થો કામે લાગતો નથી. અનાજ નુકસાન અંગે તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારત જેવા વિકાસશીલ દેશમાં અનાજનું નુકસાન વધારે થાય છે. ભારતમાં આશરે બે કરોડ ૧૦ લાખ ટન અનાજનો જથ્થો નાશ પામે છે જે ઓસ્ટ્રેલિયાના કુલ ઉત્પાદન બરાબર છે. પડોશી દેશ પાકિસ્તાનમાં કુલ ઉત્પાદન પૈકી આશરે ૧૬ ટકા અથવા તો ૩૨ લાખ ટન વાર્ષિક રીતે નાશ પામે છે. અહીં વાર્ષિક ૩૨ લાખ ટન અનાજનો જથ્થો નાશ પામે છે. પૂરતી સુવિધા નહીં હોવાના કારણે ઉંદરો અને અન્ય પ્રાણીઓના કારણે અનાજને નુકસાન થાય છે. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ફળફળાદી અને શાકભાજીમાં શાકભાજીનો જથ્થો વધુ પ્રમાણમાં નાશ પામે છે. આજે જારી કરવામાં આવેલા ગ્લોબલ ફૂડ વેસ્ટ નોટ વોન્ટ નોટ નામના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં કોલ્ડ સ્ટોરેજની સુવિધા પૂરતા પ્રમાણમાં નથી. ઉપરાંત ખરાબ માર્ગો અને પ્રતિકૂળ હવામાન તેમજ ભ્રષ્ટાચાર જેવા કારણોસર જરૂરી ચીજવસ્તુઓનો જથ્થો લોકો સુધી પહોંચવામાં સમય લાગે છે અને ૪૦ ટકા ફળફળાદી અને શાકભાજીનો જથ્થો નાશ પામે છે.

ઈન્ફોસીસને ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૨,૩૬૫ કરોડ નફો

મુંબઈ,તા. ૧૧

ઈન્ફોસીસના અપેક્ષા કરતા વધુ સારા પરિણામ આવ્યા છે. વધુ લાભ પણ મેળવ્યો છે. આ નાણાંકીય વર્ષની ત્રીજા ત્રિમાસિક ગાળામાં ઈન્ફોસીસને ૨૩૬૫ કરોડ રૂપિયાનો નફો થયો છે. ઈન્ફોસીસને ૨૧૦૦ કરોડ રૂપિયાનો નફો થશે તેવો અંદાજ હતો જેની સામે ૨૩૬૫ કરોડ રૂપિયાનો નફો થયો છે. અલબત્ત બીજા ત્રિમાસિક ગાળા (નાણાંકીય વર્ષ ૨૦૧૩ જુલાઈ-સપ્ટેમ્બર)ના ૨૩૬૯ કરોડની સરખામણીમાં આ ત્રિમાસિક ગાળામાં નફો આનશિક રીતે ઓછો રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩ના ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં ઈન્ફોસીસની આવક ૫.૭ટકા વધીને ૧૦૪૨૪ કરોડ રૂપિયા પહોંચી ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩ના બીજા ત્રિમાસિક ગાળામાં ઈન્ફોસીસની આવક ૯૮૫૮ કરોડ રૂપિયા હતી. સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના આંકડા વધારે બદલાયા નથી. કંપનીએ આજે તેના પરિણામોની જાહેરાત કરી હતી. મોટી આઉટ સોર્સિંગ સમજૂતી પણ હાલમાં કંપની દ્વારા કરવામાં આવી છે જે ૭૩૧ મિલિયન ડોલરની આસપાસની છે. કંપનીએ ઈન્ફોસીસ પ્રોડક્ટ તરફથી ૧૪ નવા કરાર મેળવ્યા છે. આ ઉપરાંત ૭૪૯૯ કર્મચારીઓ પણ ઉમેરી લીધા છે. કંપનીએ તેની સંપૂર્ણ વર્ષની ડોલર ગાઈડ લાઈન્સ જારી કરી છે. કંપનીના સીઈઓ એસ ડી સુબુલાલ દ્વારા આની જાહેરાત કરવામાં આવી હતી. કંપનીના ચીફ ફાઈનાસીયલ ઓફિસર રાજુ બંસલે કહ્યું હતું કે ઈન્ફોસીસના શેરમાં ઉલ્લેખનીય ઉછાળો શરૂઆતી કારોબારમાં થયો છે. પરિણામોના કારણે શેરબજારમાં તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

એલપીજી સિલિન્ડર મર્યાદા અંગે ટૂંકમાં નિર્ણય : મોઈલી

નવી દિલ્હી, તા.૧૧

પેટ્રોલિયમ પ્રધાન એમ વિરપ્પા મોઈલીએ આજે કહ્યુ હતુ કે સરકાર ટૂંક સમયમાં જ પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો કરવા અંગે નિર્ણય લેશે. બીજીબાજુ એલપીજી સિલિન્ડરની મર્યાદા વધારવી જોઈએ કે કેમ તે અંગે પણ ટૂંક સમયમાં જ નિર્ણય લેવામાં આવશે.

વિરપ્પા મોઈલીના આ સંકેતથી એવું લાગી રહ્યુ છે કે એક બાજુ એલપીજી સિલિન્ડર અને ડિઝલની કિંમતમાં વધારો કરાશે. બીજીબાજુ એક વર્ષમાં એક પરિવારને મળતા સબસિડી વાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે જેથી સામાન્ય લોકોને મિશ્ર સ્થિતિનો સામનો કરવો પડશે. એક બાજુ ભાવ વધારો ઝીંકવામાં આવશે. બીજીબાજુ સબસિડી વાળા સિલિન્ડરોની સંખ્યા વધારીને લોકોને રાહત આપવામાં આવશે. મોઈલીએ કહ્યુ હતુ કે ડિઝલ અને એલપીજીની કિંમતમાં વધારો કરવા જેવા વિકલ્પો પર વિચારણા થઈ રહી છે. સાથે સાથે ઓટો અને રાંધણફ્યુઅલ ખર્ચ કરતા ઓછી કિંમતે વેચવા બદલ થઈ રહેલા ૧૬૦૦૦૦ કરોડના મહેસૂલી નુકસાનમાં કાપ મુકવા ગણતરી કરવામાં આવી રહી છે. શક્ય તેટલી વહેલીતકે નિર્ણય લેવામાં આવશે.

ભાવ વધારો ક્યારે ઝીંકાશે તે અંગે મોઈલીએ કોઈ સંકેત આપ્યો નથી. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિને મંત્રાલયની દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. કેલકર સમિતિની ભલામણો વિચારણા હેઠળ છે. પેનલે ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચારનો વધારો કરવા અને કેરોસીનની કિંમતમાં લીટરદીઠ રૂપિયા બેનો અને એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ રૂપિયા ૫૦નો વધારો કરવા કેલકર કમિટીએ સૂચન કર્યુ હતુ. તેની ભલામણો સ્વીકારી લેવામાં આવે તેવી શક્યતા છે. બે તબક્કામાં કિંમતોમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. મંત્રાલયે એક અન્યરીતે પણ દરખાસ્ત તૈયાર કરી છે જેના ભાગરૂપે એપ્રિલ સુધી રૂપિયા ૫૦નો વધારો કરવાની વાત છે. ડિઝલમાં મહિને અથવા તો એક સાથે ૧૦ રૂપિયાનો વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરાઈ છે. કેરોસીનની કિંમતમાં લીટરદીઠ મહિને ૩૫ પૈસાનો વધારો કરવાની વાત કરવામાં આવી છે.

જમ્મુ કાશ્મીરમાં વધુ એક સરપંચની હત્યા

શ્રીનગર, તા.૧૧

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ ફરી એકવાર સક્રિય થઈ ગયા છે. કાશ્મીરના સોપોરે જિલ્લામાં વણ ઓળખાયેલા આતંકવાદીઓએ આજે એક સરપંચની હત્યા કરી નાંખી હતી. લોકશાહીરીતે ચૂંટાઈ આવેલા સરપંચની હત્યા કરવામાં આવ્યા બાદ લોકોમાં પણ દહેશત ફેલાઈ ગઈ છે. પોલીસના જણાવ્યા મુજબ વણ ઓળખાયેલા આતંકવાદીઓએ આજે તેમના આવાસમાં હુમલો કરી દીધો હતો. આ હુમલામાં સરપંચ હબિબઉલ્લા મિરનું મોત થયુ હતુ. ગંભીર હાલતમાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સબજિલ્લાની હોસ્પિટલ સોપોરેમાં તેમને સિફ્ટ કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે નેશનલ કોન્ફરન્સના મહોમંદ સાફી પણ હુમલામાં માર્યા ગયા હતા. લશ્કરે તોયબા, જૈશએ મહોમદ જેવા આતંકવાદી સંગઠનો પંચાયતના અધિકારીઓને વારંવાર મારી નાંખવાની ધમકી આપી રહ્યા છે. સાથે સાથે એક વર્ષથી તેમના હોદ્દાઓને છોડી દેવા માટે પણ દબાણ લાવી રહ્યા છે. ગયા વર્ષે પોલીસે જુદા જુદા ગામોમાંથી લેખિત પોસ્ટરો કબજે કર્યા હતા. જો કે એક વર્ષમાં જમ્મુ કાશ્મીરમાં સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. ૪૦૦થી વધુ પંચાયતના અધિકારીઓ ચાર લોકોના મોત બાદ તેમના રાજીનામા આપી ચુક્યા છે. જો કે દહેશત દૂર કરવા માટે તમામ પગલા પણ લેવામાં આવ્યા છે.

અકસ્માતમાં અન્ય ૩૦ લોકો ઘાયલ થયા

બંગાળમાં બસ-ટ્રક ટકરાઇ જતા ૮ લોકોના મોત થયા

ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : ઓળખવિધી શરૂ

મિદનાપુર,તા. ૧૧

પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં હેરિયા ખાતે બસ અને ટ્રક સામ સામે અથડાઇ જતા ઓછામાં ઓછા આઠ લોકોના મોત થયા હતા અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. જેથી મોતનો આંકડો વધે

તેવી શક્યતા દેખાઇ રહી છે. પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માતમાં પાંચ લોકોના મોત ઘટનાસ્થળે થયા હતા. દિઘા તરફ જતી બસ ટ્રક સાથે ટકરાઇ ગઇ હતી. આ બસ હાવડાથી પરત ફરી રહી હતી. ઇજાગ્રસ્ત લોકોને તરત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. માર્યા ગયેલા લોકો પૈકી સાત લોકો બસમાં મુસાફરી કરી રહેલા લોકો હતા. અન્ય એક વ્યક્તિ માર્ગની બાજુમાં રહેલી હતી. પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં માર્ગ અકસ્માતોની સંખ્યા વધી ગઇ છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં હાલમાં અકસ્માતો વધી ગયા છે.

પાકિસ્તાનમાં જ બનેલા બોંબનો જંગી જથ્થો જપ્ત

રાંચી,તા. ૧૧

જમ્મુ અને કાશ્મીરમાં બે સેનિકોની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ફરી એકવાર તંગદીલી વધી ગઇ છે ત્યારે આજે ઝારખંડમાં સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી. સુરક્ષા દળોએ આજે મોટી માત્રામાં પાકિસ્તાનમાં બનેલા ગ્રેનેડો, હથિયારો અને દારૂગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. લાતેહારમાં માઓવાદી હુમલાના સ્થળથી પાકિસ્તાનમાં બનેલા હથિયારો મળી આવ્યા બાદ એવી શંકા ઉભી થઇ છે કે પાકિસ્તાનના ચોક્કસ તત્વોની ઝારખંડમાં માઓવાદીઓ સાથે સીધી સાંઠગાઠ છે. માઓવાદીઓ પાસેથી પ્રથમ વખત પાકિસ્તાનમાં બનેલા હથિયારો મળી આવતા ચકચાર મચી ગઇ છે. અગાઉ ચીનમાં બનેલા કેટલાક હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે જે હથિયારો મળી આવે છે તે દેશમાં બનેલા હોય છે. પાકિસ્તાનમાં બનેલા હથિયારો મળી આવ્યા બાદ તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

એલઓસી ટેન્શન : કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભારતીય સશસ્ત્ર દળો તૈયાર

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રિય સંરક્ષણ મંત્રી એકે એન્ટોનીએ જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા પર પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામના વારંવારના ભંગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભારતીય સશસ્ત્ર દળો તૈયાર છે. પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. પત્રકારો સાથે વાતચીત કરતા એન્ટોનીએ કહ્યુ હતુ કે પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે કહ્યુ હતુ કે અમે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર છીએ. આવા ઉશ્કેરણીજનક બનાવો અને પાકિસ્તાન તરફથી વારંવાર આડેધડ ગોળીબારના બનાવોને પહોંચી વળવા વધુ સંખ્યામાં પોલીસ જવાનોની જરૂર છે કે કેમ તે અંગે પુછવામાં આવતા એન્ટોનીએ કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીરમાં પૂરતી સંખ્યામાં જવાનો તૈનાત છે. એન્ટોનીએ પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર અને બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા કરવાના બનાવોને વખોડી કાઢીને આની નિંદા કરી હતી અને કહ્યુ હતુ કે આવા અમાનવીય કૃત્યોને ક્યારેય ચલાવી લેવામાં આવશે નહીં. પાકિસ્તાને એલઓસી પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યાના કલાકો બાદ એન્ટોનીએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ બંને પક્ષો વચ્ચે બે કલાક સુધી ગોળીબારનો દોર ચાલ્યો હતો.

ફિશ (વાર્તા) (પાના નં. ૪ નું ચાલુ)

'આખી રાત વારાફરતી - ' એણે ડૂસકું લઈને ઉમેર્યું : 'એમનાં મોઢાં ફરીવાર જોવાં ના પડે તો સારૂં!' એના ચહેરા પર આતંક છવાઈ ગયો. 'પણ છતાં એમને સજા કરાવવા -' એણે ફરી વાર ડૂસકું મૂક્યું : 'બેન, હવે એમને સજા થાય કે ન થાય, એથી મને કયો મોટો ચાંદ મળી જવાનો છે? મારૂં તો જીવન જ લૂંટાઈ ગયું. મારા જેવી બીજી છોકરીઓ લૂંટાતી બચે, એટલા સારૂં આવી છું - નહીંતર ઘરનાં તો બધાં આખી વાત દાટી દેવાનાં મતમાં હતા. આબરૂનાં ધજાગરા કરવાનું સારા ઘરનાં માણસોને તો પોસાય જ નહીં ને!'

નીરજા સમસમી ગઈ - અંદર ને અંદર.

'સાચી વાત તો જાહેર કરવી જ જોઈએ. બધુંચૂપચાપ સહન કરી લીધુંએટલે સ્ત્રી જાતની આ દશા થઈ છે.' એ પોપટની જેમ બોલી ગઈ. ફરિયાદી છોકરી બહુ રૂપાળી હતી. કશા મેકઅપ વગર પણ એ મીનાકુમારી જેવી લાગતી હતી. બીમાર બાપનું ટિફિન લઈને નીકળી હતી અને અધવચ્ચે ઝલાઈ ગઈ હતી.

'મેડિકલ તપાસ કરાવવાની છે.' નીરજાએ એને આશ્વાસન આપતાં કહ્યું : 'ગભરાવવાની જરૂર નથી. હું સાથે જ હોઈશ.' છોકરીએ 'ભલે' કહી સંમતિ દર્શાવી. નીરજાએ એફઆઈઆર નોંધી લઈ એને માટે ચા મંગાવી. 'હું જરા સાહેબને મળી આવું તું તારે શાંતિથી ચા પી. પછી સાથે જ નીકળીશું.' કહી એ ફરિયાદનાં કાગળીયાં લઈ એસપી નરેન્દ્રસિંહ ઝાલાની ચેમ્બર તરફ વળી.

ઝાલા સાહેબ એની રાહ જ જોઈ રહ્યા હતા. એફઆઈઆર પર ઉપર છલ્લી નજર ફેરવીને બોલ્યા : 'મેં ઈન્સ્પેકટર ચૌધરીને ડ્યૂટી સોંપી દીધી છે. તારે એ બબાલમાં વખત બગાડવાની જરૂર નથી. એક વાર એની ફરિયાદ ચોપડે ચડી ગઈ એટલે પત્યું... બાકીનું એ બધા ફોડી લેશે.' નીરજા 'સર...' કહી અટકી ગઈ. પેલી છોકરીને પોતે આશ્વાસન આપીને આવી હતી, પણ હવે એની ડ્યૂટી બદલાઈ ગઈ હતી.

'બોલ, કંઈ હોટલમાં જમવા જઈશું.' એ ભૂખી આંખે નીરજાને નીરખી રહ્યાં.

હોટલમાં જવાનો અર્થ એ બરાબર સમજતી હતી.

'સર, પેલી છોકરી સાથે -' એનાથી વાક્ય પૂરૂં ન થયું.

'માર ગોળી. છોકરી સાથે ગેંગરેપ થઈ છે, એમાં આપણે થોડા જવાબદાર છીએ? લોકો ખોટેખોટા લઈ મંડ્યા છે. ગેંગરેપ કરનારા કરે અને બદનામ થાય પોલીસ! શું સિસ્ટમ છે!' ઝાલા સાહેબ એમની ખુરશી પરથી ઊભા થઈ ગયા. 'એક દિવસ ખાલી નથી જતો. જ્યાં જુઓ ત્યાં રેપ, રેપ, રેપ! જાણે આખું હિન્દુસ્તાન 'રેપીસ્તાન' બની ગયું છે... ' એમણે ડ્રાઈવરને બૂમ મારી : 'રસૂલ હાજર થઈ ગયો.' 'ચાલ, ગાડી લઈ આવ.'

ઝાલા સાહેબની ગાડીમાં ગોઠવાઈ રહેલી નીરજા તરફ આખા પોલીસ સ્ટેશનની આંખો ટીકી રહી હતી. ગાડી કેમ્પસના દરવાજા બહાર નીકળી ત્યાં સુધી બધા જોતા રહ્યા. જેવો એસપી સાહેબનો ઓછાયો દૂર થયો કે ઈન્સ્પેક્ટર ચૌધરી રંગમાં આવી ગયા : 'સાહેબ તો લંચ લેવા નીકળી ગયા, એમની માનીતી ફિશ સાથે. બોલો આપણે કેવા નસીબદાર!' એમની આંખોમાં રતાશ અંજાઈ ગઈ હતી. રૂમમાં બેઠેલી છોકરીએ બહાર આવીને પૂછ્યું, 'સર, પેલા મહિલા કોન્સ્ટેબલ.'

'એમની ડ્યૂટી પૂરી થઈ. હવે તમારો કેસ અમારે હેન્ડલ કરવાનો છે. એસપી સાહેબે આખી ફાઈલ અમને સોંપી દીધી છે. મેડમ, તમારૂં દર્દ હું સમજી શકું છું - ગુનેગારોને ફાંસી ન કરાવું તો મારૂં નામ ચૌધરી નહીં!' ચૌધરીની મૂછોમાં સાપોલિયાં સળવળી રહ્યાં હતા. એમણે છોકરીને આંખથી ઈશારો કરી રૂમમાં જવા જણાવ્યું. એ પૂતળીની જેમ સ્થિર થઈને ઊભી રહી એટલે ચૌધરીએ થોડી તોછડાઈ ભરી ભાષા વાપરી : ચાલો, અંદર આવો. મારે તમારી વાત તો - સમજવી પડશે ને! એમ કંઈ તમારી પૂછપરછ કર્યા વગર સીધો જીપ લઈને તમારા ઉપર બળાત્કાર કરનારાઓને ઝડપી લેવા થોડો નીકળી પડીશ?'

છોકરી ભારે અવઢવમાં હતી. તરસી ડાંસ આંખો પોતાની સામે ટીકી રહેલી જોઈને એ ગભરાઈ ગઈ હતી. ઘડીક તો એને મૂઠીઓ વાળીને ભાગી છૂટવાનું મન થઈ આવ્યું. એની આંખો સામે આગલી રાતનાં એ હેવાનિયત ભર્યાં દૃશ્યો ભજવાઈ રહ્યાં. એને એકાએક તમ્મર આવી ગયાં અને એ બરાબર રૂમનાં ઉંબરા પર જ ઢળી પડી. 'આ ફિશ તો બેહોશ થઈ ગઈ!' ચૌધરી તાનમાં આવી ગયા : 'જુઓને, ઈશ્વર પણ કેવો દયાળું છે!' સ્ટાફને હિંમત આપતાં એ બોલ્યા : 'ઝાલા સાહેબની ગેરહાજરીમાં આપણે - ' એમણે વાક્યા અધૂરૂં મૂકીને કોન્સ્ટેબલ ભગોરાને હુકમ કર્યો : ચાલ, ઉઠાવ. આને અંદર સુવાડી દે, ડૉક્ટરને ફોન કરવો પડશે.

એમણે લુચ્ચું હાસ્ય વેરતાં ઉમેર્યું :

'ખોટી ઉતાવળ કરવાની જરૂર નથી. પહેલાં મને મારૂં લંચ લઈ લેવા દો. પછીની વાત પછી...'

રૂમનું બારણું બંધ થઈ ગયું. બધા જાણતા હતા કે ચૌધરી સાહેબને 'ફિશ' ખૂબ ભાવે છે.